પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ   વર્ષ : ૨૮   અંક : ૧૪૩   કુલ પાના : ૪   તારીખ : ૦૮-૦૨-૨૦૨૫   શનિવાર   કિંમત રૂ.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97  9712880678  panchmahalsamachar@gmail.com  panchmahalsamachar  panchmahalsamachar  www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભાજપ તરફથી મંત્રી પદ અને પાર્ટી બદલવા માટે ૧૫-૧૫ કરોડ રૂપિયા આપવાની ઓફર મળી છે.અરવિંદ કેજરીવાલનો દાવો

નવીદિલ્હી

આવતીકાલ તા.૮ ફેબ્રુઆરીએ દિલ્હી વિધાનસભાની ચુંટણીના પરિણામ જાહેર થવાના છે તેની વચ્ચે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આરોપ લગાવ્યો છે કે ભાજપ તેમના ઉમેદવારોને આકર્ષવાનો પ્રયાસ કરી રહી છે. અત્યાર સુધીમાં, ભાજપ દ્વારા તેમના ૧૬ ઉમેદવારોને બોલાવવામાં આવ્યા છે. તેમને ભાજપમાં જોડાવા માટે લલચાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઉમેદવારોને નોકરી છોડીને ભાજપમાં જોડાવાનું કહેવામાં આવી રહ્યું છે. હું તમને મંત્રી બનાવીશ અને દરેકને ૧૫ કરોડ રૂપિયા આપીશ. કેજરીવાલે સોશિયલ મીડિયા પર લખ્યું કે કેટલીક એજન્સીઓ બતાવી રહી છે કે ભાજપ ૫૫ થી વધુ બેઠકો મેળવી રહી છે. જો વધુ બેઠકો આવી રહી છે તો ઉમેદવારોને બોલાવવાની શું જરૂર છે? બધા સર્વે ખોટા છે. આ દ્વારા દિલ્હીમાં વાતાવરણ બનાવીને આપ ઉમેદવારોને ખુશ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.



આજે વહેલી સવારે, આમ આદમી પાર્ટીએ તેના તમામ ૭૦ ઉમેદવારોની બેઠક બોલાવી હતી આ બેઠકની અધ્યક્ષતા અરવિંદ કેજરીવાલ કરી હતી અરવિંદ કેજરીવાલે સોશિયલ મીડિયા પર લખ્યું, ’કેટલીક એજન્સીઓ બતાવી રહી છે કે અપમાનજનક પાર્ટીને ૫૫ થી વધુ બેઠકો મળી રહી છે. છેલ્લા બે કલાકમાં, અમારા ૧૬ ઉમેદવારોને ફોન આવ્યા છે કે જો તેઓ આમ આદમી પાર્ટી છોડીને તેમની પાર્ટીમાં જોડાશે, તો તેઓ તેમને મંત્રી બનાવશે અને દરેકને ૧૫ કરોડ રૂપિયા આપશે. જો તેમની પાર્ટી ૫૫ થી વધુ બેઠકો મેળવી રહી છે તો તેમને અમારા ઉમેદવારોને બોલાવવાની શું જરૂર છે? સ્વાભાવિક છે કે આ નકલી સર્વેક્ષણો ફક્ત કેટલાક ઉમેદવારોને તોડવા માટે આ વાતાવરણ બનાવવા માટે કરવામાં આવ્યા છે. પણ તમે અપમાનજનક લોકો, અમારામાંથી એક પણ માણસ તૂટી પડતો નથી.

તે જ સમયે, સુલતાનપુર માજરાથી આપના ઉમેદવાર અને દિલ્હીના મંત્રી મુકેશ અહલાવતે દાવો કર્યો હતો કે તેમને પણ આવી જ દરખાસ્ત આપવામાં આવી હતી. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર લખ્યું, ’હું મરી શકું છું, મારા ટુકડા થઈ શકે છે, પણ હું અરવિંદ કેજરીવાલને ક્યારેય છોડીશ નહીં.’ મને કહેવામાં આવ્યું હતું કે તેમની (ભાજપ) સરકાર બની રહી છે અને જો હું આપ છોડીને તેમની સાથે જોડાઈશ, તો તેઓ મને મંત્રી બનાવશે અને ૧૫ કરોડ રૂપિયા આપશે. પરંતુ કેજરીવાલ અને આપએ મને જે માન આપ્યું છે, હું મારા મૃત્યુ સુધી મારી પાર્ટી છોડીશ નહીં

સંજય સિંહે દાવો કર્યો હતો કે ભાજપે મતગણતરી પહેલા જ હાર સ્વીકારી લીધી છે. આખા દેશની જેમ, ભાજપ દિલ્હીમાં પણ ધારાસભ્યોને વિભાજીત કરીને સરકાર બનાવવા માંગે છે. ૨૦૧૩ની વિધાનસભા ચૂંટણી પછી, શેર સિંહ ડાગરે આપ ધારાસભ્યનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. તે પછી અનેક પ્રયાસો કરવામાં આવ્યા. કેટલાક નેતાઓ તેમની આગળ નમી ગયા. પંજાબમાં પણ તેમણે સાંસદને ભાજપમાં જોડ્યા. તે જ સમયે, દિલ્હીમાં બે મંત્રીઓને ભાજપમાં સામેલ કરવામાં આવ્યા. ભાજપ દિલ્હીમાં સરકાર તોડી પાડવાનો પ્રયાસ કરી શકે છે. કેજરીવાલ સહિત આમ આદમી પાર્ટીના ઘણા વરિષ્ઠ નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે તેમના ઉમેદવારોને ૧૫ કરોડ રૂપિયાની ઓફર કરીને ખરીદવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ કેસમાં,એસીબી ટીમ અરવિંદ કેજરીવાલની પૂછપરછ કરવા પહોંચી હતી પરંતુ તેમને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો. આવી સ્થિતિમાં, એસીબીએ કેજરીવાલને નોટિસ મોકલીને ૫ પ્રશ્નોના જવાબ આપવા કહ્યું છે.

કેજરીવાલને જે પાંચ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા તેમાં ૧.શું એકસ પર પોસ્ટ કરાયેલ ટ્વીટ તમારા દ્વારા પોસ્ટ કરવામાં આવી છે કે અન્યથા? ૨. આમ આદમી પાર્ટીના ૧૬ ધારાસભ્ય ઉમેદવારોની વિગતો જેમને લાંચની ઓફર કરતા ફોન કોલ્સ આવ્યા હતા. ૩. લાંચની ઓફર અંગે ઉપરોક્ત ધારાસભ્યોનો સંપર્ક કરનારા ફોન નંબરો/વ્યક્તિઓની વિગતો.૪. આમ આદમી પાર્ટીના સભ્યો દ્વારા વિવિધ મીડિયા/સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કરવામાં આવેલા લાંચની ઓફરના દાવા/આરોપોના સમર્થનમાં પુરાવા અને પુરાવા. ૫. સમજાવો કે મીડિયા/સોશિયલ મીડિયામાં આવી માહિતી ફેલાવનારા લોકો સામે યોગ્ય કાનૂની કાર્યવાહી કેમ ન કરવી જોઈએ જે દિલ્હીના લોકોમાં ગભરાટ અને અશાંતિનું વાતાવરણ ઊભું કરવા સમાન છે.એસીબીને એન્ટ્રી ન મળતા ટીમ કેજરીવાલના

એસીબી ટીમને કેજરીવાલના ઘરમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી ન હતી, ત્યારબાદ એસીબી ટીમ પાછી ફરી હતી. કેજરીવાલના વકીલોએ કહ્યું કે એસીબી ટીમને પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી ન હતી કારણ કે તેમની પાસે કોઈ દસ્તાવેજો નહોતા. તેમણે કહ્યું કે એસીબી ટીમ નોટિસ આપીને ગઈ છે, જેનો જવાબ આપવામાં આવશે.એસીબીનો દાવો હતો કે તે આ કેસમાં આરોપોના સમર્થનમાં પુરાવાઓ શોધવા માટે કેજરીવાલના ઘરે ટીમ ગઈ હતી આપ ઉમેદવાર અખિલેશ પતિ ત્રિપાઠી પણ તેમની કાનૂની ટીમ સાથે ફરિયાદ નોંધાવવા માટે એસીબી ઓફિસ પહોંચ્યા હતા. એસીબીના જણાવ્યા અનુસાર, તેમને એલજી વીકે સકસેના દ્વારા તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. આરોપોમાં કેટલી સત્યતા છે તે અંગે ત્રણેય લોકો પાસેથી માહિતી મેળવવા માટે. શું આ આરોપ અંગે કોઈ પુરાવા છે કે પછી આ ફક્ત ભ્રમ ફેલાવવાનો પ્રયાસ છે?

મળતી માહિતી મુજબ, દિલ્હીના ઉપરાજયપાલના મુખ્ય સચિવે આમ આદમી પાર્ટીના ઉમેદવારોને લાંચ આપવાના આરોપોની એસીબી તપાસ કરાવવા માટે મુખ્ય સચિવને પત્ર લખ્યો છે. દિલ્હીના ઉપરાજયપાલને ભાજપની ફરિયાદ બાદ તપાસનો આદેશ જારી કરવામાં આવ્યો છે.

ભાજપે પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટી દ્વારા લગાવવામાં આવેલા આરોપો ખોટા અને પાયાવિહોણા છે અને મતદાન પૂર્ણ થયા પછી તરત જ ભાજપની છબી ખરાબ કરવા અને દિલ્હીમાં ગભરાટ અને અશાંતિનું વાતાવરણ ઉભું કરવાના ઈરાદાથી લગાવવામાં આવ્યા હતા.

સાંસદ સંજય સિંહે કહ્યું કે ભાજપના લોકો નાટક કરવા માંગે છે. અમે ફરિયાદ નોંધાવવા માંગીએ છીએ. અમને કાર્યવાહી જોઈએ છે. એસીબી એ કાર્યવાહી કરવી જોઈએ. હું ફરિયાદ નોંધાવવા માટે એસીબી ઓફિસ જઈ રહ્યો છું

હવે આ મામલે આમ આદમી પાર્ટીના પ્રવક્તા પ્રિયંકા કક્કરે કહ્યું, ’ભાજપ પોતાની હારથી નારાજ છે. તે આવતીકાલના પરિણામો પહેલા કોઈક રીતે અરવિંદ કેજરીવાલને મુશ્કેલીમાં મૂકવાનો પ્રયાસ કરી રહી છે.એસીબી ટીમ પાસે ન તો કોઈ કાનૂની નોટિસ છે અને ન તો તેમની પાસે કોઈ સ્ટેમ્પ છે. સંજય સિંહ ભાજપ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા માટે એસીબી ઓફિસમાં છે. કોઈ કાગળો વગર અહીં આવવાનો શું અર્થ છે? તેમણે કહ્યું, ’ભાજપ પોતાની હારથી હતાશ છે. આ એક લહેરાતો દીવો છે જે અરવિંદ કેજરીવાલને મુશ્કેલીમાં મૂકવા માંગે છે.

## સુરતમાં શહેર કોર્ટમાંથી ૧૫ ફાઈલો ગુમ થઈ જતા ખળભળાટ મચી ગયો

સુરત

સુરતમાં શહેર કોર્ટમાંથી ૧૫ ફાઈલો ગુમ થઈ જતા ખળભળાટ મચી ગયો છે. જેમાં શહેર કોર્ટમાંથી ૧૫ ફાઈલ ગુમ અંગે હાઈકોર્ટ જસ્ટિસે ચિંતા વ્યક્ત કરી છે. જેને પગલે ૧૩ ફેબ્રુઆરીએ સુનાવણી પહેલા અહેવાલ રજૂ કરવા આદેશ આપવામાં આવ્યો છે. તપાસમાં ૨૦૧૯માં એક સાથે ૧૫ જેટલી ફાઈલો ગુમ થઈ હોવાનું બહાર આવ્યું હતું.

જેને પગલે હાઈકોર્ટ જસ્ટીસ સંદિપ ભટ્ટે આપ્યા તપાસના આદેશ આપ્યા હતા. તે સિવાય અન્ય જિલ્લામાં આવી ઘટના બની છે કે નહી તે અંગે ણ તપાસના આદેશ આપવામાં આવ્યા છે. પાટણમાં કેટલાક કેસોની ફાઈલો ગુમ થયા બાદ આ ઘટના સામે આવી હતી.

જોકે જજે પોતાની પાસેની ૧૫ ફાઈલો લઈ ગયા હતા. આ ગુમ થયેલી ૧૫ ફાઈલો પરત મળી આવી હતી,. ૨૦૨૫ના રોજ ચીફ જસ્ટીસ સમક્ષ અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. જેમાં રજીસ્ટ્રી દ્વારા માહિતી છુપાવાઈ હોવાની દલીલો પણ થઈ હતી.




તમામ સમાજ અને ખેડૂતો તથા રોજગારી માટે

## આંદોલન કરી રહેલા યુવાનો પરના ગંભીર કેસો પાછા ખેંચવાની ધારાસભ્ય ચૈતર વસાવાએ માંગ કરી

ગાંધીનગર

પાટીદાર અનામત આંદોલન દરમિયા થયેલા રાજદ્રોહના કેસ પરત ખેંચાયાનો દાવો કરાયો છે. ત્યારે હાર્દિક પટેલ, દિનેશ બાંભણિયા, અલ્પેશ કથીરિયાએ સરકારનો આભાર માન્યો. આજ સાંજ સુધીમાં આ મામલે જાહેરાત થઈ શકે છે. પરંતુ આ દાવાથી ગુજરાતમાં ખળભળાટ મચી ગયો છે. જો પાટીદાર અનામત આંદોલનના કેસ પરત ખેંચાય તો ગુજરાતમાં અન્ય કેસ પણ પરત ખેંચાય તેવી માંગ કરાઈ છે. ગુજરાત સરકાર દ્વારા પાટીદાર આંદોલનના ગંભીર કેસો પાછા ખેંચવા બદલ આમ આદમી પાર્ટીના ડેડીયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવાએ ગુજરાત સરકારના નિર્ણયને આવકાર્યો છે. સાથે જ, આદિવાસી, ઓબીસી સહિત તમામ સમાજ અને ખેડૂતો તથા રોજગારી માટે આંદોલન કરી રહેલા યુવાનો પરના ગંભીર કેસો પાછા ખેંચવાની માંગ કરી છે. તેમજ પાટીદાર આંદોલનના જ નહીં પણ તમામ આંદોલનોના કેસ પરત ખેંચાવવા જોઈએ તેવી અપીલ સરકારને ધારાસભ્ય અલ્પેશ ઠાકોર દ્વારા કરાઈ છે.

પાટીદાર આંદોલનના જ નહીં પણ તમામ આંદોલનોના કેસ પરત ખેંચાવવા જોઈએ તેવી અપીલ સરકારને ધારાસભ્ય અલ્પેશ ઠાકોર દ્વારા કરાઈ છે. અલ્પેશ ઠાકોર દ્વારા આંદોલનના કેસો પાછા ખેંચવાના સંદર્ભમાં સરકારનો આભાર માનવામાં આવ્યો. જોકે ઓબીસી આંદોલન આદિવાસી આંદોલન સહિતના આંદોલન વખતેના પણ કહેશો પાછા ખેંચવા જોઈએ તેવી માંગણી કરી.

પાટીદાર આંદોલન સમયે પાટીદારોના કેસ લડનાર વકીલ બાબુભાઈ માંગુકિયાએ કહ્યું કે, આ મામલે સરકાર દ્વારા કેસ પાછા ખેંચવામાં આવી રહ્યા છે, જેમાં એક પ્રક્રિયા છે. જેમાં સરકારી વકીલ દ્વારા કોર્ટમાં જાણ કરી પ્રક્રિયા કરવાની રહે છે. સરકારનો આ નીતિ વિષયક નિર્ણય છે. રાજદ્રોહનો કેસ તો કોર્ટે કાઢી જ નાંખ્યા છે. જોકે જે સુરત સહિતના કેસ હતા એ હવે પરત ખેંચી લેવામાં આવી રહ્યા છે. આજ કેસો નહિ, પરંતુ તમામ કેસ જેમાં નિર્દોષ યુવાઓ સામે કેસ થયેલા છે. પરંતુ ઘરે હોઈ અને પોલીસે ઘરમાં ઘુસીને કેસ કરેલા છે એ યુવકો સામેના કેસનું શું. માત્ર હાર્દિક પટેલ કે અન્ય ગણતરીના યુવાનો સામે ના કેસ નહિ પણ અન્ય ૧૨ થી વધુ કેસ છે, જે યુવાઓ સામે છે એ તમામ કેસ પણ પાછા ખેંચી લેવા જોઈએ.

ઊંઝા ઉમિયા ધામના સહ મંત્રી મુકેશ પટેલે પાટીદારો પરના કેસ પરત ખેંચવા અંગે સરકાર અને મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલનો આભાર વ્યક્ત કર્યો. સાથે જ પાટીદાર યુવાનો પરના બીજા કેસો પણ પરત ખેંચાય તેવી માંગણી કરી છે. તેમણે કહ્યું કે, અનામત આંદોલન દરમિયાન થયેલા અન્ય કેસો પણ પરત ખેંચવામાં આવે.

કેસ પરત ખેંચેવાની જાહેરાત બાબતે પાટણના ધારાસભ્ય કિરીટ પટેલનું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે, આ જાહેરાત સરકાર દ્વારા કરાવવી જોઈએ. હાલ ઓફિશિયલ આવી કોઈ માહિતી સરકાર કે સરકારના પ્રવક્તા દ્વારા થઈ નથી. દસ વર્ષ થવા આવ્યા છે ત્યારે કેટલાક કેસ પાછા ખેંચાયા છે. મારા સામે તેમજ પાટીદાર યુવાનો સામે ઘણા કેસ છે અને હજુ કેસ ચાલી રહ્યા છે પાછા ખેંચવાને બદલે અમારા સામે સેસન્સ કોર્ટમાં અપીલ કરી છે તે કોર્ટે રદ કરી છે. હજુ પણ ઘણા બધા કેસ ચાલુ છે પણ કેસ પાછા ખેંચ્યા હોય તો ક્રેડિટ લેવા જેવી બાબત છે. પણ જો કેસ પાછા ખેંચવાની વાત દિનેશ બાંભણીયા કરી રહ્યા છે તો તે પુરાવા સાથે પ્રેસ કરી જાહેર કરે. પણ હાલ હું આ બાબતે સહમત નથી.

## મોદીએ વિદ્યાર્થીઓને શીખવી ધ્યાન કરવાની અનોખી રીત, સંભળાવી તેમના હેન્ડરાઈટિંગની વાર્તા

નવીદિલ્હી

પરિક્ષા પે ચર્ચા ૨૦૨૫નો ટીઝર વીડિયો રિલીઝ કરવામાં આવ્યો છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિદ્યાર્થીઓ સાથે રાહત, શાંતિ અને ખુશીની પળો વિતાવતા જોવા મળે છે. પરીક્ષાના તણાવ વચ્ચે આ વીડિયો વિદ્યાર્થીઓના ચહેરા પર ખરેખર મોટું સ્મિત લાવી શકે છે. આ વખતે પરીક્ષાની ચર્ચા અલગ અંદાજમાં યોજાવા જઈ રહી છે જેમાં હોલ કે સ્ટેડિયમને બદલે વડાપ્રધાન બહારના સ્થળે વિદ્યાર્થીઓ સાથે સમય વિતાવતા જોવા મળ્યા હતા.વીડિયોમાં વડાપ્રધાન મોદી વિદ્યાર્થીઓને તેમના હેન્ડરાઈટિંગ વિશે એક કિસ્સો કહી રહ્યા છે, કેવી રીતે તેમના શિક્ષકો તેમની હેન્ડરાઈટિંગ સુધારવા માટે અથાક પ્રયાસ કરી રહ્યા હતા પરંતુ આ બધાની તેમના પર કોઈ અસર થઈ ન હતી. પીએમ મોદી હસતા હસતા કહે છે કે મારા હેન્ડરાઈટિંગ સુધારવાથી મારા શિક્ષકોની હસ્તાક્ષર સારી થઈ પરંતુ મારી હસ્તાક્ષર સુધરી નથી.નાના ટીઝર વીડિયોમાં એવું પણ જોવા મળે છે કે વડાપ્રધાન એક સુંદર બગીચામાં ફુવારા પાસે વિદ્યાર્થીઓને ધ્યાનની સરળ અને અસરકારક પદ્ધતિ શીખવી રહ્યા છે. એક વિદ્યાર્થી આ વિશે બોલતા જોવા મળી રહ્યો છે, તેણે કહ્યું કે વડાપ્રધાને ફુવારાને જોવાનું કહ્યું અને એ પણ જુઓ કે તમારા મગજમાં શું ચાલી રહ્યું છે, શું થઈ રહ્યું છે.આ ધ્યાનની એક સરળ પદ્ધતિ છે જેમાં પહેલા બહારની વસ્તુ સરળતાથી અને કુદરતી રીતે જોવામાં આવે છે અને પછી તે જ રીતે મનમાં ચાલતી પ્રવૃત્તિ પણ જોવામાં આવે છે. મનની પ્રવૃતિઓનું અવલોકન કરવાથી વ્યક્તિ તેનાથી થોડુક અંતર અનુભવવા



લાગે છે અને આ રીતે જો મનમાં કોઈ તણાવ હોય તો તેનાથી પણ અંતર સર્જાય છે.

વેજલપુર તેમજ આપસારના સૌ ઈમીટેશન જ્વેલરીના શોખીનો માટે
ભવ્ય શો રૂમ મા અવનવી વેરાયટીનો ખજાનો જોવા તેમજ ખરીદવા માટે પધારો...

અરે પણ ઉભા રહો..... જશો ક્યાં...

RJ

ગોલ્ડ ફોર્મીંગ જ્વેલરી



ફેન્સી ઈમીટેશન જ્વેલરી વ્યાજબી કિંમતે મળશે.

સંપર્ક : ૦૨૬૭૨-૨૯૯૧૯૯

અવનવી લેડીસ પાટલા, વીંટી, મંગળસુત્ર, બુટ્ટીઓ, સેટ, જેવી ફેન્સી આઈટમો તથા જેન્ટ્સ વીંટી, લક્કી, ફેન્સી પેન્ડલ, ચેઈન જેવી આઈટમો
અદ્યતન વેરાયટી જોવા આજે જ પધારો....
ફેશનની દુનિયામાં ગેરંટીની આશા છોડો

દુ.૧૦, રાજન સ્કવેર, પહેલો માળ, પોલીસ સ્ટેશન સામે, વેજલપુર, જી.પંચમહાલ

# દાહોદના હિમાલા ગામે ભુવાએ બાળકીને ડામ આપવાના કિસ્સામાં ફરિયાદ નોંધાતા ભુવાની અટકાયત



દાહોદ,

દાહોદ જીલ્લાના હિમાલા ગામની અઢી વર્ષીય બાળકીને શ્વાસ લેવામાં તકલીફ પડતા તેને હોસ્પિટલમાં લઈ જવાના બદલે રાછરડા ગામે એક વ્યક્તિ પાસે લઈ જતા વ્યક્તિએ માવતરના ના કહેવા છતાં બાળકીના પેટ પર ગરમ સોયના ડામ દેતા બાળકીની તબિયત વધુ લથડતા બાળકીની માતાએ આ મામલે વ્યક્તિ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી ભુવાની પોલીસે તાત્કાલિક ધોરણે અટકાયત કરી હોવાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે.

દાહોદ જીલ્લો પાયાના શિક્ષણના અભાવે શૈક્ષણિક રીતે પછાત હોવાથી જીલ્લામાં છાસવારે અંધશ્રદ્ધાનું ભૂત ધુણતું હોવાના અહેવાલો છે. જેમાં ક્યાંક ડાકણ હોવાનો આરોપ મૂકી નિર્દોષ મહિલાને પ્રતાડિત કરવામાં આવી છે, તો ક્યાંક વળગાડ હોવાનું કહી ભુવા દ્વારા ડામ દેવામાં આવ્યા છે. ત્યારે તાજેતરમાં તારીખ ૨૯-૧-૨૦૨૫ ના રોજ દાહોદ તાલુકાના હિમાલા ગામના ખાંડીવાવ ફળિયામાં રહેતા કાજુભાઈ બાપુભાઈ ભાભોરના છોકરા રાહુલભાઈની છોકરી અઢી વર્ષીય ત્રિશાબેનને શ્વાસ લેવામાં તકલીફ પડતા ત્રિશાબેનની દાદી ૪૫ વર્ષીય રમીલાબેન કાજુભાઈ બાપુભાઈ ભાભોર પૌત્રી ત્રિશાબેનને સારવાર માટે દવાખાને લઈ જવાના બદલે રાછરડા ગામે રહેતા ભગાભાઈ દલાભાઈ સોલંકી વ્યક્તિના ઘરે લઈ ગયા હતા. જ્યાં ભગાભાઈ સોલંકી નામના વ્યક્તિએ કોઈકે કંઈક કરી દીધું હોવાથી તેને પેટ પર સોયના ડામ દેવા પડશે. તેમ જણાવતા ત્રિશાબેનના દાદી રમીલાબેન ભાભોરે ડામ દેવાની ના પાડી હતી. તેમ છતાં ભગાભાઈ સોલંકીએ ભોગ બનનાર ત્રિશાબેનને પેટ પર ગરમ સોય વડે ડામ દીધા હતા. જેથી ત્રિશાબેનની તબિયત વધુ લથડતા ત્રિશાબેનને તાત્કાલિક સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ત્રિશાબેન હાલ સારવાર હેઠળ છે. જ્યારે આ સંબંધે ભોગ બનનાર ત્રિશાબેનના દાદી હિમાલા ગામના ખાંડીવાવ ફળિયાના રમીલાબેન રાજુભાઈ બાપુભાઈ ભાભોરે રાછરડા ગામના ભગાભાઈ દલાભાઈ સોલંકી નામના ભુવા વિરૂદ્ધ કતવારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ભગાભાઈ સોલંકી વિરૂદ્ધ બી.એન.એસ કલમ૧૧૮(૧) તથા બાળ સુરક્ષા અધિનિયમ ૨૦૧૫ ની કલમ-૭૫ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી ભગાભાઈ દલાભાઈ સોલંકીની પોલીસે ધરપકડ કરી લીધી છે. આ ઘટનાએ ફરી એકવાર સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા અને તેના કારણે થતા નુકસાનને ઉજાગર કર્યું છે. આવી ઘટનાઓ અવારનવાર બનતી હોવા છતાં લોકો હજી પણ અંધશ્રદ્ધાના વમળમાં અટવાયેલા જોવા મળે છે ત્યારે સવાલ એ થાય છે કે, આવી ઘટનાઓ ક્યારે અટકશે ?

આ બનાવમાં પોલીસ તપાસ દરમ્યાન આરોપી ભગાભાઈ દલાભાઈ સોલંકીની તાત્કાલિક ધોરણે અટકાયત કરી હતી. પોલીસ દ્વારા વધુમાં જાણવા મળ્યાં અનુસાર, આ ઝડપાયેલ આરોપી કોઈ ભુવો ન હતો, પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં જે પ્રમાણે માન્યતાઓ હોય છે કે, બાળકો અને વયોવૃધ્ધ જ્યારે બીમાર પડતાં હોય ત્યારે દવાખાને લઈ જવાને બદલે આવા વ્યક્તિ પાસે લઈ જવામાં આવે છે. આવા વ્યક્તિઓ ભુવાનું કામ કરતાં નથી, પરંતુ ખોટી માન્યતાઓ અને ટેકનોલોજીના અભવે તેઓ પોતાની રીતે દવા આપી અને બાળકોને ડામ આપી સારવાર કરતાં હોય છે. ઉપરોક્ત ઝડપાયેલ આરોપી દ્વારા પણ પોતાની આવડત પ્રમાણે બાળકોથી લઈ વયોવૃધ્ધ લોકો જ્યારે બીમાર પડે ત્યારે તેઓને દવા પણ આપતો હોવાનું સામે આવ્યું છે. આ બનાવના ગ્રામ્ય વિસ્તારમાંથી જાણવા મળ્યાં અનુસાર, ઉપરોક્ત વ્યક્તિ દ્વારા બીમાર બાળકોને ડામ આપવા તેમજ દવાઓ પણ આપતો હતો સાથે સાથે જો ગામમાં કોઈ વ્યક્તિઓને શરીર દુઃખતું હોય કે સાંધાની કોઈ સમસ્યા હોય તો ઉપરોક્ત વ્યક્તિ દ્વારા મસાજ, માલીસ સહિત દવા આપી તેમજ મરોડ આપી સારવાર કરતો હોવાનું સામે આવ્યું છે.

# રોડ - રસ્તામાં ચોપડેલો ભ્રષ્ટાચારનો ડામર ઉખડવા સાથે મનુષ્ય જીવન અકસ્માત રૂપી કાળ ભરખી ના જાય

## ઝાલોદના મહુડી મુંડાહેડા વાયા પાવડી SRP ગ્રુપ સુધી બનાવેલ રોડની ૨૨/૫૬૫ કિમીનો માર્ગની હાલત બિસ્માર : ઠેરઠેર જાણે ડામર કપચીના છૂટાછેડા!



ઝાલોદ,

ઝાલોદ તાલુકામાં વિકાસની વણઝાર વરસી રહી હોઈ તેમ રોડ રસ્તા ઠેરઠેર બની રહ્યા છે અને વિકાસની ગાથા રોડની જેમ ચોતરફ જોવા મળી રહી છે, પરંતુ વિકાસની સાથોસાથ રોડ રસ્તા હોઈ કે નાળા ચોતરફ ભ્રષ્ટાચારની મહેક ફેલાતી હોઈ તેવી ગંધ સામાન્ય પ્રજાને પણ અનુભવી શકાય તેવી કામગીરી ગ્રામ્ય સ્તરે મંજૂર કરેલ રોડ રસ્તા હોઈ કે નાળા એવીરીતે બનાવવામાં આવેલ છે.

મહુડી મુંડાહેડા વાયા પાવડી SRP ગ્રુપ સુધી બનાવેલ રોડની ૨૨/૫૬૫ કિમીનો માર્ગ જ્યાં ભારે વાહનોની અવરજવર ના હોવા છતાં આ માર્ગની હાલત સમુદ્રમાં વહેતા મોજાની જેમ ઉબડખાબડ જોવા મળી રહી છે, જે માર્ગમાં હલકી ગુણવત્તાનું માલસામાન માટી મેટલનો ઉપયોગ કરવામાં આવેલ હોઈ જેથી કરીને માર્ગમાં ઠેરઠેર ખાડાઓ તેમજ કપચી નાખેલ હોઈ એવા માર્ગમાં દશ્યો જોઈ શકાય છે.

લાખો - કરોડોની માતબર રકમ ઝાલોદ તાલુકામાં અંતરિયાળ વિસ્તારમાં ડામર રોડ માટે ફાળવેલ રકમ જાણે માટી મેટલ પુરાણ કરીને વેઠ ઉતારીને પૂરા કરેલ હોઈ એમ ડામર રસ્તાઓ દ્રશ્યમાન થઈ રહ્યા છે.

૨૨/૫૬૫ કિમી મહુડી જાફરપુરા મુંડાહેડા પરથમપુર દુ પાવડી મિરાખેડી ડામર રોડની હાલત દર કિલોમીટરે કાકરીઓ નીકળી ગયેલ અને મસમોટા ખાડામાં તબદીલ થયા હોઈ અને જમ્પિંગ રોડ બનાવ્યો હોઈ એવા હલકી ગુણવતા વાળા માર્ગોનું નિર્માણ થતાં અકસ્માતોનું પ્રમાણ વધી રહેલ છે. વાહનચાલક દ્વારા ખાડા ટાળવા જતા માર્ગ અકસ્માત થવાના બનાવ બનતા હોઈ છે. કુદરતી મૃત્યુ કરતા વાહન અકસ્માતોનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહેલ છે. માર્ગ સલામતી સપ્તાહ જેવા કાર્યક્રમો માત્ર સપ્તાહ પૂરતા હોઈ ખરેખર હલકી ગુણવતા ધરાવતા માર્ગની ચકાસણી કરી વહેલી તકે મરામત કરવામાં આવે અને ભવિષ્યમાં હલકી ગુણવત્તા ધરાવતા રોડનું નિર્માણ ના થાય એ માર્ગ મકાન વિભાગ દોષનો ટોપલો વધુ વરસાદ કે ઓવર લોડેડ વાહનોને માથે ના મૂકી લોકહિતમાં મહામૂલું જીવનને ભ્રષ્ટાચારિયો ના કારણે અકસ્માતમાં જીવ ગુમાવવાનો વારો સામાન્ય જનતાનો ના આવે એ જોવું રહ્યું.

# પ્રયાગરાજ મહાકુંભ પર્વે માથી દાહોદ આવેલ શ્રી જગદીશદાસજી મહારાજ



દાહોદ,

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ મુકામે આસ્થા સંસ્કૃતિ અને સનાતન પર્વના પવિત્ર મહાકુંભના પર્વમાં શ્રી રામજી મંદિર દાહોદ તથા રામાનંદ પાર્કના મહામંડલેશ્વર શ્રી જગદીશદાસજી મહારાજ સૌના મંગલકારી કલ્યાણ માટે પ્રયાગરાજ ગયા હતા.

ડાકોર, ઈન્દોર ખાલસા સંલગ્ન ટીલાદ્વારા શ્રી ગાધાચાર્ય મંગલપીઠાધીશ્ચર શ્રી શ્રી ૧૦૦૮ માધવાચાર્યજી મહારાજના આશીર્વાદ અને માર્ગદર્શ હેઠળ પ્રયાગરાજ મુકામે ગંગા જમના સરસ્વતીનો સંગમ થાય છે, તે સંગમ સ્થાન પર પવિત્ર મહાકુંભમા અમૃત સ્નાન કરી દાહોદ પરત આવી સૌ પ્રથમ દાહોદ જીલ્લાના કલેકટર યોગેશભાઈ નિરગુડે સાથે શુભેચ્છા મુલાકાત કરી પ્રયાગરાજ મહાકુંભ વિશે માહિતી આપી હતી.

આ મહાકુંભની યાત્રામાં રામાનંદ પાંર્કના સેવાભાવી સભ્યો ડો.નરેશ ચાવડા, અમૃતલાલ પ્રજાપતિ તથા સતિષ સાધુ તથા દાહોદ પંચમહાલ તથા મહીસાગર વિગેરેના ભકતજનો શ્રદ્ધાળુઓએ અમૃત સ્નાનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

પ્રયાગરાજ મહાકુંભમાં વિવિધ વિસ્તારોમાંથી પધારેલ શ્રદ્ધાળુઓને શ્રી જગદીશદાસજી મહારાજ દ્વારા રહેવા તથા જમવાની વ્યવસ્થા આપવામાં આવી હતી.

# દે.બારીઆ પાલિકા ચુંટણીમાં રોડ, પાણી અને વીજળીના પ્રશ્નો અંગે નગરજનોમાં નારાજગી

દે.બારીઆ,

દે.બારીઆ નગરપાલિકા એક સમયે કોંગ્રેસનો ગઢ ગણાતી હતી. બાદમાં ભાજપે સત્તા આંચકી લેતા આજે નગરમાં ભાજપનુ એકચક્રી શાસન છે પરંતુ નગરજનોની રોડ, પાણી અને વીજળીની સમસ્યાનો ક્યારેય અંત આવ્યો નથી.

દે.બારીઆ પાલિકાની જનતાને રોડ, રસ્તા, પાણી, આવાસ, વીજળી, ગટરલાઈનની સુવિધાઓ કેટલાક વિસ્તારોમાં પુરી થઈ નથી. આજે પણ નગરના કેટલાય ગરી લોકો ધર્માદા ટ્રસ્ટમાં ભોજન કરીને દિવસો પસાર કરે છે. દેવગઢ ડુંગર તળેટીમાં કાચા મકાનોમાં વસવાટ કરતા કેટલાય પરિવાર ડુંગર ઉપરથી સુકા લાકડા વીણી લાવીને તે વેચી પોતાનુ ગુજરાન ચલાવે છે. તેમની આર્થિક સ્થિતિ વિશે કોઈ ઉમેદવાર જોવા સુદ્ધા તૈયાર નથી. પાલિકાની ચુંટણી નજીક આવી રહી છે. ત્યારે જનતાને ખોટા પ્રલોભનો તેમજ મોટા વચનોની વણઝાર લાગશે. નગરપાલિકાના ૬ વોર્ડમાં ૨૪ ઉમેદવારો મેદાનમાં છે. કોઈ વોર્ડમાં ભાજપના ઉમેદવાર નથી તો કયાંક કોંગ્રેસને ઉમેદવાર મળ્યો નથી. બંને પક્ષો એકબીજાને ધોબીપછાડ આપવા એડીચોટીનુ જોર લગાવી રહ્યા છે. દે.બારીઆ પાલિકામાં ચુંટણીની જાહેરાત થતાં જ અત્યાર સુધી નગરજનોથી વિમુખ થઈ બેસેલા રાજકિય નેતાઓ અને પુર્વ પાલિકા પ્રમુખો તેમજ કાર્યકરો અચાનક સક્રિય થઈ ગયા છે. અત્યાર સુધી નગરની સમસ્યા બાબતે મોં ફેરવીને જતાં નેતાઓ નગરજનોને તેમની સમસ્યા નિવારણ બાબતે વચનો આપી રહ્યા છે.

# પ્રાકૃતિક ઉત્પાદનો ૧૦૦ ટકા શુદ્ધ અને રસાયણ મુક્ત હોવાથી જાગૃત નાગરિકો દ્વારા તેની માંગ વધી




દાહોદ,

આદિવાસી વિસ્તાર તરીકે ઓળખાતા દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાનું અંતરિયાળ ગામ એટલે છરછોડા. આ વિસ્તારમાં એક સમયે માત્ર ખેતી દ્વારા ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ હતું. પરંતુ જ્યારથી સરકારના બાગાયતી, ખેતીવાડી વિભાગ સહિત આત્મા પ્રોજેક્ટ દ્વારા ખડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટે સરકારની વિવિધ યોજનાઓના લાભ લઈ આર્થિક રીતે સદ્ધર બનવા માટે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે ત્યારથી પ્રાકૃતિક ખેતીને દાહોદ જીલ્લાના મોટાભાગના જાગૃત ખેડૂતોએ એક સફળ ખેતી તરીકે સ્વીકારી છે.પ્રાકૃતિક ખેતીમાં ખાસ કરીને ગાય આધારિત ખેતી અપનાવીને અહીંના આદિવાસી ખેડૂતો પ્રકૃતિનું રક્ષણ કરી સ્વાસ્થ્યવર્ધક ખેત પેદાશોનું ઉત્પાદન કરી રહ્યા છે. ગરબાડા તાલુકાના છરછોડા ગામના ચંદુભાઈ ભાભોર કે જેઓ પોતે વર્ષોથી પ્રાકૃતિક ખેતી અપનાવીને પોતાના પરિવાર સહિત સમાજને શુદ્ધ અનાજ, કઠોળ અને શાકભાજી પૂરી પાડી રહ્યા છે. ચંદુભાઈ ભાભોર પ્રાકૃતિક ખેતી અંગેના પોતાના અનુભવો અન્ય ખેડૂતોને સમજાવવા માટે ગરબાડા તાલુકાના વિવિધ ગામોમાં જઈને તાલીમ આપી રહ્યા છે. પ્રાકૃતિક ખેતી વિષે વિસ્તાર પૂર્વક સમજાવતા જણાવે છે કે, ખેતીમાં ગાયના મળ-મૂત્રનો ખાતર અને જંતુનાશક તરીકે તેમજ જીવામૃત અને ઘન-જીવામૃતનો ઉપયોગ દરેક સિઝન પ્રમાણે પાક સાથે કરી શકાય છે. પ્રાકૃતિક ઉત્પાદનો ૧૦૦ ટકા શુદ્ધ અને રસાયણ મુક્ત હોવાથી જાગૃત નાગરિકો દ્વારા તેની માંગ વધી રહી છે, જેથી દરેક વસ્તુનું સારા ભાવે બજારમાં જ વેચાણ થઈ જાય છે. જેના કારણે સમય જતા આવકમાં પણ વધારો થાય છે.

# કચ્છના રાપરના યુવકે સોશિયલ મીડિયામાં વાંધાજનક પોસ્ટ કરતા વિવાદ



દાહોદ,

કચ્છ જીલ્લાના રાપર તાલુકાનાં એક યુવકે સોશિયલ મીડિયા પર આદિવાસી સમાજની બહેન-દીકરીઓ અંગે અભદ્ર ટિપ્પણીઓ કરતો વીડિયો વાયરલ કર્યો છે. જેનાં લીધે દાહોદ જીલ્લામાં આદિવાસી સમાજમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે. આજરોજ આદિવાસી સમાજના આગેવાનો દ્વારા સોશિયલ મીડિયામાં અભદ્ર ટિપ્પણી કરનાર ઈસમ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે સાયબર સેલ પોલીસ મથકમાં લેખિતમાં અરજી આપી કાર્યવાહી કરવા માટે રજૂઆત કરવામાં આવી છે.મળતી માહિતી અનુસાર કચ્છ જીલ્લાના રાપર તાલુકાનો રહેવાસી વનરાજ ઠાકોર નામના યુવકે 'Mrvanrajthakor305' નામની ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી એક યુવકે વિડિયો બનાવી આદિવાસી સમાજ પર અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી, જેનાથી આદિવાસી સમાજમાં અસંતોષ અને રોષ વ્યાપ્યો છે . જેના પગલે આજરોજ આદિવાસી સમાજ પરિવાર દ્વારા દોષિત સામે એટ્રોસિટી એક્ટ હેઠળ કેસ દાખલ કરી સખ્તમાં સખ્ત સજા કરવાની માંગણી સાથે આજરોજ સાયબર પોલીસ મથકમાં લેખિતમાં અરજી આપી રજૂઆત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સોશિયલ મીડિયા લોકોની જાણકારી માટે અને આજના આધુનિક યુગમાં દેશ દુનિયાની તમામ મહત્વપૂર્ણ જાણકારીઓ ઘર બેઠા મેળવવાનો ઉત્તમ સ્રોત છે. પરંતુ કેટલાક લોકો સોશિયલ મીડિયા ઉપર વૈમનસ્ય ફેલાવવા માટે અભદ્ર ટિપ્પણીઓ કરે છે.જે ખોટું છે.સોશિયલ મીડિયાઃ સકારાત્મક ઉપયોગ અને જનજાગૃતિ માટેના સમાજના બુદ્ધિજીવીઓ ખાસ કરીને આજના યુવાનોને સોશિયલ મીડિયાના સકારાત્મક ઉપયોગ અંગે જાગૃત કરવું અને દુરૂપયોગના પરિણામો અંગે માહિતગાર કરવું જોઈએ જેથી સમાજીક એકતા અને અખંડતા બરકરાર રહે તેમ છે.

# દાહોદ મુસ્લીમ સમાજના યુવાન બીજી પત્ની લાવી બન્ને ભેગા મળી પ્રથમ પત્નીને ત્રાસ આપતાં ફરિયાદ

દાહોદ,

દાહોદના મુસ્લિમ સમાજના યુવકે પોતે પરણિત હોવા છતાં અને પત્ની હયાત હોવા છતાં પ્રથમ પત્નીની મંજૂરી લીધા વિના પોતાના સમાજની અન્ય યુવતી સાથે લગ્ન કરી લઈ પ્રથમ પત્નીને તે યુવક તથા બીજી પત્નીએ ભેગા મળી તું અમોને ગમતી નથી અને તને છૂટી કરી દેવાની છે કહી શારીરિક અને માનસિક ત્રાસ આપી એક ચીઠ્ઠીમાં લખી ત્રણ તલ્લાક આપતા મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યાનું પોલીસ સૂત્રો દ્વારા સત્તાવાર જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ શહેરના મોટા ઘાંચીવાડા પટેલીયા વાડ ખાતે રહેતી અને મજૂરી કામ કરતી ૪૩ વર્ષીય મુમતાજબેને તેમના મુસ્લિમ ધર્મના રીતરિવાજ મુજબ તેમના ફળિયામાં રહેતા ફિરોજ સહી હાસા સાથે લગ્ન કર્યા હતા. અને બંને પતિ પત્ની એકજ ઘરમાં ભેગા રહેતા હતા. અને ત્રણેક વર્ષ પહેલા મુમતાજબેનના પતિ ફિરોજ હાસાએ મુમતાજબેનની મંજૂરી વિના મુમતાજબેનની હયાતીમાં તેમના સમાજની સાહિસ્તા સત્તાર પટેલ નામની યુવતી સાથે બીજા લગ્ન કરી લીધા હતા અને પોતાના ઘરમાં લઈ આવ્યો હતો. ત્યારબાદ તે બંને જણાએ ભેગા મળી મુમતાજબેનને માનસિક અને શારીરિક ત્રાસ આપી તું અમોને ગમતી નથી અને તને છૂટી કરી દેવાની છે. તેમ કહી મુમતાજ બેનના પતિ ફિરોજ હાસાએ મુમતાજબેનને એક ચિઠ્ઠીમાં લખી ત્રણ તલ્લાક આપી દીધા હતા. આ સંબંધે મુમતાજબેને પોતાના પતિ ફિરોજ સહી હાસા તથા બીજી પત્ની સાહિસ્તા સત્તાર પટેલ વિરૂદ્ધ દાહોદ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે બીએનએસ કલમ ૮૫,૫૪ તથા મુસ્લિમ મહિલા (લગ્ન પર અધિકારોનું રક્ષણ) અધિનિયમ ૨૦૧૯ ની કલમ ૩,૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તે બંનેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# બારીયા-પીપલોદ મીની શટલ બસનો કાયમ માટે શરૂ કરવામાં આવશે ખરી ???

દે.બારીયા,

દે.બારીયા તાલુકો મોડલ તાલુકામાં સુમાર થયે ખાસ્સા વર્ષો થવા આયા પણ જે મીની શટલ બસ બારીયા થી પીપલોદ લગભગ પાંચ ફેરા કરતી હતી. તે બસ બંધ થયે વર્ષો વિતવા આવ્યા તે શટલ બસ ફરી શરૂ કરાઈ નથી. તેના કારણે શહેર તથા પંથકના ગ્રામ્યના અપડાઉન કરનારા નોકરીયાતો તથા વિદ્યાર્થીઓ, આ.ઈ.ટી.આ.ઈ.ના તાલીમાર્થીઓ ગોધરા તથા દાહોદ થી અડધા કલાકમાં પીપલોદમાં આવી જાય છે પરંતુ બારીયા આવવા માટે સાંજે પાંચ થી છ ના સમયમાં કોઈ બસ મળતી નથી. જેથી શટલ મીની બસ જુનામાં જુના રૂટ બહાલ કરવામાં આવે તો ડેપોની આવકમાં વધારો નોંધાઈ શકે છે અને અપડાઉન કરનારને કલાકો સુધી પીપલોદ બસ સ્ટેન્ડે ઉભા રહેવાથી છુટકારો મળી શકે તેમ છે. સવારે સાત થી સાંજે છ વાગ્યાના સમયે પીપલોદ થી બારીયા આવવાના સમયે ઉપડે તે મીની શટલ બસના સમયો નકકી કરી આ બસ શરૂ થાય તેવો અપડાઉન કરતા પેસેન્જર વર્ગની માંગ ઉઠવા પામી છે. ઘરે આવવા માટે ખાનગી વાહનોમાં વધારે નાણાં ખર્ચ કરીને આવવા મજબુર છે. જેથી લાગતા વળગતા બારીયા ડેપોના મેનેજર તથા વહીવટી વર્ગ આ મીની શટલ બસને ફરી શરૂ કરીને એક મોડલરૂપી તાલુકાનું ઉદાહરણ સેટ કરે તેવી માંગ ઉઠવા પામી છે.

# સંજેલી નદી ફળિયા પ્રા.શાળામાં બાળકો પાસે સાફસફાઈ કરાવતા હોવાનો વીડિયો વાયરલ

સંજેલી,

સંજેલીના નદી ફળિયા વર્ગની પ્રા.શાળામાં સફાઈની ગ્રાન્ટ આવતી હોવા છતાં બાળકો પાસે સાફસફાઈ કરાવતા અને અને શિક્ષકો મોડા આવતા હોવાનો વીડિયો વાયરલ થયો છે. દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના નદી ફળિયા વર્ગ ઢેડીયા પ્રાથમિક શાળામાં એક જાગૃત યુવાને શાળામાં શિક્ષકો અવાર નવાર મોડા આવે છે જેના કારણે બાળકોનુ શિક્ષણ બગડી રહ્યુ છે. પ્રાથમિક શાળામાં ધો-૧ થી ૫ સુધીના નાના બાળકો સમયસર આવી જાય છે પરંતુ ગુલ્લેબાજ શિક્ષકો મોડા આવતા હોવાથી હાલ બાળકોનુ શિક્ષણ બગડી રહ્યુ છે. જાગૃત યુવક દ્વારા મોબાઈલમાં વીડિયો રેકોર્ડ કરવામાં આવ્યો છે. સરકાર તરફથી પ્રાથમિક શાળામાં સાફસફાઈની ગ્રાન્ટ મળતી હોવા છતાં પણ શાળાના બાળકો પાસે જ દરેક વર્ગમાં અને શાળા પરીસરમાં સફાઈ કરાવતા રોષ જોવા મળ્યો છે. આદિવાસી વિસ્તારની પ્રા.શાળામાં આપવામાં આવતી સરકારી ગ્રાન્ટ વિશે તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે તો સાચી હકીકત બહાર આવે તેમ છે.

# ધાનપુરના પીપેરો ગામે જેસાવાડા જતા રોડ ઉપર મેક્સ ગાડીએ બાઈકને અડફેટમાં લેતાં બાઈક સવાર દંપતિ અને બાળકીને ઈજાઓ : બાળકીનું મોત

દાહોદ,

દાહોદ જીલ્લાના ધાનપુરના પીપેરો ગામે જેસાવાડા તરફ જતા રોડ પર પૂરપાટ દોડી જતી મેક્સ ગાડી મોટર સાયકલને અડફેટે લેતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટરસાયકલ પર સવાર દંપત્તિ તેમજ તેમની બે બાળકીઓને ગંભીર ઈજાઓ થતા એક બાળકીનું સ્થળ પર જ મોત નીપજયાનું જાણવા મળ્યું છે.

ધાનપુર તાલુકાના રૈયાવણ ગામના પટેલ ફળિયામાં રહેતા નાનુભાઈ કેહરાભાઈ બામણીયાનો છોકરો રાજુભાઈ નાનુભાઈ બામણીયા તથા તેની પત્ની જયાબેન તેમજ બંને દીકરીઓ પ્રિયાબેન તથા દેવાંશીબેન એમ ચારે જણા પોતાની જીજે.૨૦.બીડી.૯૩૯૮ નંબરની બજાજ પ્લેટીના મોટરસાયકલ પર બેસી પીપેરો ગામે જેસાવાડા તરફ જતા રોડ પરથી પોતાના ઘર તરફ જવા સાંજના સવા ચાર વાગ્યાના સુમારે મોટરસાયકલ વાળી હતી. તે દરમિયાન માતેલાં સાંઢની જેમ યમદૂત બની ધસમસતી આવતી જીજે.૧૭.એએચ.૮૩૩૧ નંબરની મહિન્દ્રા કંપનીની મેક્સ ગાડીએ રાજુભાઈ બામણીયાની પ્લેટીના મોટરસાયકલને અડફેટમાં લેતા સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં મોટરસાયકલ પર બેઠેલ રાજુભાઈ તથા તેની પત્ની જયાબેન તેમજ તેમની બંને દીકરીઓ મોટર સાયકલ પરથી ફંગોળાઈને રોડ પર પટકાતા તેઓને માથામાં તેમજ શરીરે ગંભીર ઈજાઓ થતા ચારે ગંભીર ઈજાગ્રસ્તો પૈકી પ્રીતિબેનનું સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ ધાનપુર પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. અને ત્રણે ગંભીર ઈજાગ્રસ્તોને સારવાર માટે ૧૦૮ મારફતે ધાનપુર સરકારી દવાખાને મોકલી આપી મરણ જનાર પ્રીતિબેનની લાશનું પંચનામું કરી તેને પીએમ માટે ધાનપુર સરકારી દવાખાને મોકલી આપી મહિન્દ્રા કંપનીની મેક્સ ગાડીના ચાલક વિરૂધ્ધ ધાનપુર પોલીસે ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.143

# શહેરા તાલુકામાં ૧૦ હજાર જેટલા આવાસોનું સર્વે કરી દેવામાં આવીને ૫૩૦૦ જેટલા લાભાર્થીઓના ફોર્મ અપલોડ કરી દેવામાં આવ્યા છે

શહેરા,

શહેરા તાલુકાના ૮૯ ગામોમાં તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રધાનમંત્રી આવાસ યોજનાની સર્વેની કામગીરી શરૂ છે. તલાટી ક્રમ મંત્રી સહીત સબંધિત કચેરીના કર્મચારીઓની ટીમ દ્વારા ઘરની મુલાકાત લઈને સર્વની કામગીરી કરવામાં આવી રહી હોય પરંતુ આવાસ પ્લસ નામની એપમાં લાભાર્થીના જોબકાર્ડ આઈડી, આધાર કાર્ડ અને રેશનકાર્ડ અપલોડ કરવામાં વધુ સમય જતો હોવાથી સર્વેની કામગીરીમાં કર્મચારીઓને ભારે તકલીફ પડી રહી હતી. તાલુકામાં ૧૦ હજાર જેટલા આવાસોનુ સર્વે કરી દેવામાં આવીને ૫૩૦૦ જેટલા લાભાર્થીઓના ફોર્મ અપલોડ કરી દેવામા આવ્યા છે.

શહેરા તાલુકાના ૮૯ જેટલા ગામોમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની સર્વેની કામગીરી તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલના માર્ગદર્શન હેઠળ ચાલી રહી છે. તાલુકામાં ૮૯ ગ્રામ પંચાયતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નવીન આવાસની સર્વે ની કામગીરી તલાટી ક્રમ મંત્રી, ખેતીવાડી શાખા તેમજ સંબંધિત કચેરીના કર્મચારીઓ દ્વારા લાભાર્થી ના ઘર સુધી પહોંચી જઈને કરવામાં આવવા સાથે ઝડપી કામગીરી પૂર્ણ થાય તેવા પ્રયાસો પણ કરવામાં આવતા હોય છે,જ્યારે પી.એમ.વાયની નવીન આવાસ સર્વેમાં મોબાઈલમાં આવેલી આધાર પ્લસ ૨૦૨૪ એપમા ઘરનો ફોટો તેમજ લાભાર્થીના આધારકાર્ડ, જોબ કાર્ડ તેમજ રેશનકાર્ડ સહિતના જરૂરી ડોક્યુમેન્ટ અપલોડ કરવામા આવતા હોય છે.જોકે આવાસ પ્લસ ૨૦૨૪ નામની એપમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની નવીન સર્વેની કામગીરીમાં કરવામાં તલાટી ક્રમ મંત્રી સહિત



સંબંધિત કચેરીના કર્મચારીઓને તકલીફ પડી રહી હોવાનું જાણવા મળવા સાથે આવાસ પ્લસ એપમા જોબ કાર્ડ, રેશનકાર્ડ અને આધર કાર્ડ વહેલા અપલોડ ન થતા હોવાની બુમો ઉઠી રહી હતી, પોતાની નૈતિક ફરજ સમજીને તલાટી ક્રમ મંત્રી સહિતના કર્મચારીઓ સમયસર ગ્રામીણ વિસ્તારમાં પહોંચી જઈને સર્વેની કામગીરી કરતા હોય પરંતુ આવાસ યોજનાની આવાસ પ્લસ ૨૦૨૪ની એપમા પડી રહેલી તકલીફ બાબતે સબંધિત તંત્ર દ્વારા કોઈજ ગંભીરતા લેવામાં નહિ આવી રહી હોવાથી આની સીધી અસર સર્વેની કામગીરી પર પણ પડેતો નવાઈ નહી. તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલના જણાવ્યા અનુસાર તાલુકાના ૮૯ ગામોમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની સર્વેની કામગીરી ચાલુ હોવા સાથે દસ હજાર આવાસોનું સર્વે કરી દેવામાં આવ્યું છે. આ સર્વેની કામગીરી દરમિયાન આવાસ પ્લસ એપમાં જોબ કાર્ડ એરોર, આધાર કાર્ડ ઍરોર આવી રહી હોય તેને દૂર કરવા માટે અમારા દ્વારા વિસ્તૃત સમજણ આપવામાં આવી રહી છે. તાલુકામાં ૫૩૦૦ જેટલા લાભાર્થીઓના ફોર્મ અપલોડ કરી દેવામાં આવ્યા છે. અને સર્વેની કામગીરી સરસ ચાલી રહી છે. ઉલ્લેખનિય છેકે, તાલુકાના ૮૮ કરતા વધુ ગામોમાં અનેક કાચા ઘરો જોવા મળતા હોય ત્યારે સરકાર દ્વારા આવા લોકોને ઘરનું સપનું પુરૂ થાય તે માટે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નવીન આવાસની સર્વેની કામગીરી શરૂ હોય ત્યારે આવા જરૂરિયાતમંદ લોકો સુધી સર્વેની ટીમ પહોંચી જઈને તેમને જરૂરી માર્ગદર્શન આપીને પોતાની નૈતિક ફરજ બજાવે તે પણ જરૂરી છે. તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં સર્વેની ટીમ દ્વારા કામગીરી કરવામાં આવી રહી હોય પરંતુ આવાસ પ્લસ ૨૦૨૪ ની એપ માં જે ટેકનિકલ ખામીઓ આવી રહી હોવાનું જાણવા મળતું હોય ત્યારે સંબંધિત તંત્ર પણ સર્વેની કામગીરી ઝડપી થાય તે માટે આ આવાસ એપ માં પડતી તકલીફો દૂર ક્યારે કરશે એતો આવનારા દિવસોમાં ખબર પડી જશે તો નવાઈ નહી.

> શહેરા તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલના જણાવ્યા અનુસાર તાલુકાના ૮૯ ગામોમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની સર્વેની કામગીરી ચાલુ હોવા સાથે દસ હજાર આવાસોનું સર્વે કરી દેવામાં આવ્યુ છે. આ સર્વેની કામગીરી દરમિયાન આવાસ પ્લસ એપમાં જોબ કાર્ડ એરોર,આધાર કાર્ડ ઍરોર આવી રહી હોય તેને દૂર કરવા માટે અમારા દ્વારા વિસ્તૃત સમજણ આપવામાં આવી રહી છે. તાલુકામાં ૫૩૦૦ જેટલા લાભાર્થીઓના ફોર્મ અપલોડ કરી દેવામાં આવ્યા છે અને સર્વેની કામગીરી સરસ ચાલી રહી છે.

## ગોધરા જૈન દેરાસર રોડ ઉપર સિટી સર્વે નં.-૧૭૬૪માં જુના મકાનને તોડી નવા થતાં બાંધકામમાં કાગળોમાં ચેડાં કરી ૭ ચો.મી.જગ્યા વધારાઈ

ગોધરા,

ગોધરા શહેરમાં જૈન દેરાસર રોડ ઉપર મેઈન બજારમાં આવેલ સિટી સર્વે નં.–૧૭૬૪માં આવેલ જુના મકાનને તોડીને નવુ બાંધકામ કરવામાં આવી રહ્યુ છે. સિટી સર્વે નં.–૧૭૬૪માં નોંધ નં.–૨૧૧૧માં ૬૦.૭૫.૮૭ હોય ત્યારે રેકર્ડ સાથે ચેડાં કરીને નોંધ નં.–૪૪૯૧માં ૬૭.૭૫.૮૭ કરેલ છે. આ જમીન ૭ ચોરસ મીટર કાગળો ઉપર વધારીને એપાર્ટમેન્ટના બાંધકામને શરૂ કરવામાં આવ્યુ છે. બિલ્ડર લાંબી દ્વારા મુળ કાગળોમાં ચેડાં કરીને વહીવટી તંત્રના મળતિયા સાથે મળીને ૭ ચોરસ મીટરનો વધારો કરવામાં આવેલ છે. ગોધરા શહેરના ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં બાંધકામ થઈ રહેલા એપાર્ટમેન્ટમાં પાર્કિંગની સુવિધા રાખવામાં આવશે ખરી ? સર્વે નં.–૧૭૬૪માં ૭ ચોરસ મીટરના વધારો કરવાના મામલે અરજદાર દ્વારા પંચમહાલ જિલ્લા કલેકટર, એસ.એલ.આર, અને નગરપાલિકા ચીફ ઓફિસર, ટાઉન પ્લાનરને લેખિત રજુઆત કરવામાં આવી છે ત્યારે કાગળોમાં ચેડાં કરીને ૭ ચોરસ મીટર જમીન વધારીને બાંધકામ શરૂ થયેલ છે તે બાંધકામને પાલિકા ટાઉન પ્લાનિંગ કે વહીવટી તંત્ર દ્વારા સ્થળ તપાસ કરીને અટકાવવામાં આવશે ખરૂ...?

## કાલોલ તાલુકાની કરાના મુવાડા અને સણસોલી પ્રાથમિક શાળાના બાળકોનો સ્ટેચ્યૂ ઓફ યુનિટીનો શૈક્ષણિક પ્રવાસ

કાલોલ,

કાલોલ તલુકાની કરાના મુવાડા અને સણસોલી પ્રાથમિક શાળા માંથી તા.૬/૨/૨૦૧૫ ના રોજ એક દિવસીય પ્રવાસ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમ સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતા નગર ની મુલાકાત લેવા માં આવી હતી. જ્યાં બાળકો એ વિશ્વ ની સૌથી ઉંચી પ્રતિમા કે જેમાં ભારત ને એક કરનાર મહાપુરૂષ સરદાર પટેલ ના યોગદાન વિશે બાળકો ને શિક્ષકો દ્વારા સમજણ આપી હતી. માં નર્મદાના દર્શન કર્યા હતાં. ત્યાર બાદ પોઈચામાં સ્વામિનારાયણ ભગવાન ના દર્શન કરીને ત્યાં પ્રદર્શનની મજા માણી હતી.



આ પ્રવાસ માં બન્ને શાળા ના આચાર્ય અને શિક્ષકો બાળકો સાથે રહીને જરૂરી માર્ગદર્શન અને સમજ આપી હતી.

## ગોધરાના વાવડી દાહોદ રોડ સાઈડમાં વરસાદી પાણીના નિકાલ માટે પાઈપ લાઈન કામ પૂર્ણ કર્યા બાદ ખોદેલ રસ્તાઓ ઉપર યોગ્ય માટી કામના અભાવે અકસ્માતની શકયતાઓ

ગોધરા,

ગોધરા નગર પાલિકા દ્વારા વાવડી દાહોદ હાઈવે રોડ સાઈડમાઃ નવિન ભુર્ગભ સોમ વોટરની ગ્રાન્ટ અંતર્ગત થોડા દિવસો પહેલા પી.ટી.મીરાણી થી ચાલુ કરવામાં આવેલ હતું અને આ કામ પૂર્ણ કર્યાને અંદાજીત ૧૫ થી ૨૦ દિવસ જેટલા સમયગાળો થયો છે.



ગોધરાના દાહોદ હાઈવે રોડ સાઈડમાં વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપ લાઈનનું પી.ટી.મીરાણી પાસેથી અધુરુ છોડવામાં આવ્યું હતું. જે કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. હાઈવે રોડ સાઈડમાં પાઈપ લાઈન માટે ખોદકામ બાદ રસ્તા ઉબડખાબડ કરી દેવામાં આવ્યા છે. જેને લઈ રોડ ઉપર ચાલતા પસાર થતા રાહદારીઓને ચાલવામાં તકલીફ વેઠવાનો વારો આવી રહ્યો છે. તેમાં પણ વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપ લાઈન નાખવા માટે રોડ સાઈડની સોસાયટીઓને જોડતા રસ્તાઓ પણ ખોદી નાખવામાં આવ્યા છે અને પાઈપ લાઈન નાખ્યા બાદ કોન્ટ્રાક્ટર દ્વારા ખોદી નાખવામાં આવેલ રસ્તાઓ ઉપર યોગ્ય માટીનું પુરણ નહી કરી વેઠ ઉતારવામાં આવી છે. આવા ઉબડ ખાબડ રસ્તાઓને લઈ રોડ ઉપર અકસ્માત થવાની શકયતાઓ વધી છે. ગોધરા વાવડી વિસ્તારની ગણેશ નગર સોસાયટીમાં દર વર્ષે પાણી ભરાય છે અને સોસાયટીના ઘરોમાં પણ પાણી ભરાઈ જતા હોય છે. ત્યારે વરસાદી પાણીના નિકાલ માટે નાખવામાં આવેલ પાઈપ લાઈન માટે નાખવામાં આવેલ ભુંગળાના છેલ્લા પ્રભા કોતર તરફના ભાગે અધુરા મુકવામાં આવ્યા છે. જે ચોમાસાની સીજનમાં જો વરસાદી પાણી આ પાઈપ લાઈનમાં આવે તો પ્રભા કોતરમાં ઠલવાની જગ્યાએ સોસાયટી વિસ્તારોમાં પ્રવેશ કરી તેવી સ્થિતીમાં અધુરી કામગીરી કરવામાં આવેલ છે. ત્યારે અધુરી વરસાદી પાણીના નિકાલની પાઈપ લાઈન પૂર્ણ કરવા માટે કોન્ટ્રાકટરને ફરજ ફાળવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## રાષ્ટ્રવાદી મુસ્લીમ પસમંદા મહાઝ દ્વારા મીડીયા ઈન્ચાર્જ તરીકે ઈરફાન પોચાની નિયુકિત

ગોધરા,

રાષ્ટ્રવાદી મુસ્લિમ પસમંદા મહાઝમાં દ્વારા શહેરાના ઈરફાન પોચા ના યોગદાનને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય તેઓની પંચમહાલ સોસીચલ મીડિયા ઈન્ચાર્જ તરીકે અધ્યક્ષ આતિફ દ્વારા રાષ્ટ્રવાદી મુસ્લિમ પસમંદા ઈનચાર્જ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિમણૂંક તાત્કાલિક અસરથી અમલમાં આવશે. જનસેવા માટે તત્પર રહીને, સમસ્યાઓનું સમાધાન બનીને મહાજને સર્વસ્પર્શી અને સર્વવ્યાપી બનાવશો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસના સંકલ્પને સાકાર કરવામાં



યોગદાન આપવા જણાવ્યું.

પસમંદા મહાજના હિતમાં સતત કામ કરીને તમે રાષ્ટ્રવાદી મુસ્લિમ સમુદાયને વધુ મજબુત કરશો એવી મને માત્ર આશા જ નથી, પરંતુ પૂર્ણ વિશ્વાસ છે.

## સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરા ખાતે એચડીએફસી બેન્ક માટે પાંચ વિદ્યાર્થીઓ ની પસંદગી



ગોધરા,

સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરા ખાતે કોલેજના પ્રિન્સિપાલ ડો. અરૂણસિંહ સોલંકીના માર્ગદર્શન હેઠળ iiht દ્વારા એચડીએફસી બેન્ક માટે ઉમેદવારોની પસંદગી માટેનો કાર્યક્રમ કોલેજના સદાબા હોલ ખાતે યોજાઈ ગયો.

આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ દ્વારા મુંબઈથી પધારેલા બેંકના ખાસ એડવાઈઝર મનોહરભાઈ ઘોષ અને સ્થાનિક કક્ષાએથી કાજલબેન સોનીનું ઉમળકાભેર સ્વાગત કરી કોલેજની વિશેષતા અને કોલેજના વિદ્યાર્થીઓની ડિસિપ્લિન અંગે ચર્ચા કરી સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ મુંબઈથી પધારેલા મનોહરજી દ્વારા બેંક અંગે અને નોકરી અંગેની વિવિધ માહિતી ખૂબ જ ઝીણવટભરી રીતે સરળ શબ્દોમાં સમજાવવામાં આવી હતી. લગભગ ૫૦ ઉમેદવારોમાંથી છેલ્લે પાંચ ઉમેદવારો પસંદગી પામ્યા હતા. જેઓ ટ્રેનિંગ પૂરી કરશે ત્યારબાદ વાર્ષિક રૂપિયા ૪,૪૦,૦૦૦નું પેકેજ મેળવી શકશે. કોલેજ ખાતે આવા અનેક કાર્યક્રમો અવારનવાર યોજાય છે અને આ કોલેજના વિદ્યાર્થીઓને પોતાની કોલેજ પૂર્ણ કરે એ પહેલા જ અનેક જગ્યાઓએ નોકરીની તકો મેળવે છે. જે આનંદ અને ગૌરવની વાત છે, તેમ પ્રિન્સિપાલ સોલંકીએ જણાવ્યું હતું. કાર્યક્રમની આભાર વિધિ તથા અન્ય વ્યવસ્થા ડો. પાયલબેન વ્યાસ દ્વારા કરવામાં આવી હતી.

## પંચમહાલ જીલ્લા કક્ષાના કલા મહાકુંભમાં બોરૂ પ્રાથમિક શાળાના બાળ કલાકારોનું શાનદાર પ્રદર્શન



બોરૂ,

રાજ્ય સરકારના રમત–ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર દ્વારા જીલ્લા કક્ષા ના મહાકુંભ ગોધરા ખાતે આવેલ સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાયેલ ૨૦૨૪–૨૫ નો પંચમહાલ જીલ્લા કક્ષાના મહાકુંભમાં બોરૂ પ્રાથમિક શાળા સાંસ્કૃતિક વિભાગમાં રાસમાં પ્રથમ ક્રમે તેમજ લગ્નગીત સ્પર્ધામાં (૦૬ થી ૧૪ વર્ષ વય જૂથ)બાળાઓએ દ્વિતીય ક્રમે વિજેતા થતાં શાળાનું અને પંચમહાલ જીલ્લાનું કલા ક્ષેત્રે નામ ઉજાગર કરવા બદલ અને ગામનું ગૌરવ વધારવા બદલ શાળા પરિવાર વતી આચાર્ય ગૌરાંગ જોશી એ બાળકલાકારોની આંતરિક શકિતઓને ખિલવવા બદલ તેઓના માર્ગદર્શક શિક્ષક કાજલબેન બારોટ અને તમામ બાળ સ્પર્ધકોને હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતા. સૌનો સાથ સૌનો વિકાસ તે રીતે સાંસ્કૃતિક વારસાનું પણ જતન થાય તે ઉદ્દેશને પરિપૂર્ણ કરવા છેવાડાના ગામડાઓથી માંડીને શહેરોમાં કલાનું કલાત્મક વાતાવરણનું નિર્માણ થાય, પ્રતિભાશાળી કલાકારોને અભિવ્યકત કરવાની તક મળી તે બદલ સમગ્ર વાલીગણ ગૌરવની લાગણી અનુભવે છે. જીલ્લા કક્ષાએ વિજેતા સ્પર્ધકોને પ્રદેશ કક્ષાએ તથા ત્યારબાદ રાજ્ય કક્ષાએ સ્પર્ધા માટે મોકલવામાં આવશે. સૌનો વિકાસ તે રીતે સાંસ્કૃતિક વારસાનું પણ જતન થાય તે ઉદ્દેશને પરિપૂર્ણ કરવા છેવાડાના ગામડાઓથી માંડીને શહેરોમાં કલાનું કલાત્મક વાતાવરણનું નિર્માણ થાય, પ્રતિભાશાળી કલાકારોને અભિવ્યકત કરવાની તક મળી તે બદલ સમગ્ર વાલીગણ ગૌરવની લાગણી અનુભવે છે. જીલ્લા કક્ષાએ રાસના વિજેતા સ્પર્ધકો આગામી પ્રદેશ કક્ષાએ યોજાનાર સ્પર્ધામાં પંચમહાલ જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે

## ભાણપુરા ગામ ખાતે સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ જાંબુઘોડાના એન.એસ.એસ.ની સાપ્તાહિક શિબિર સંપન્ન



જાંબુઘોડા,

સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ જાંબુઘોડા ના એન.એસ.એસ. વિભાગ દ્વારા ગામ ભાણપુરા ખાતે યોજાયેલ વિકસિત ભારત અને ગ્રામ વિકાસ સાપ્તાહિક શિબિર નો સમાપન સમારોહ તારીખ ૦૪–૦૨–૨૦૨૫ ના રોજ યોજાયો હતો. જેમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગના કોઓર્ડીનેટર ડો. સંજય જોષી, કોલેજના પ્રિન્સિપાલ ડો. સી.બી.રાઠવા, સરપંચ શારદાબેન બારીઆ, ગ્રામ અગ્રણી તુલસીભાઈ બારીઆ, ડેપ્યુટી સરપંચ ફતેસિંહભાઈ બારીઆ, દૂધ મંડળીના ચેરમેન ગોરધનભાઈ બારીઆ, એસ.એમ.સી. અદયક્ષ રમણભાઈ બારીઆ, પ્રાથમિક શાળાના આચાર્ય ખતલા, તલાટી કમ મંત્રી, પંચાયત કારોબારીના સભ્યો, ગ્રામ અગ્રણીઓ, કોલેજના અદયાપકો, પ્રાથમિક શાળાનાં શિક્ષકઓ વગેરેની ઉપસ્થિતિમાં યોજાયો હતો. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો.એમ.પી. વર્મા એ જણાવ્યુ હતું કે, તારીખ ૨૯–૦૧–૨૦૨૫ ના રોજ શિબિરમાં જોડાયેલ વિદ્યાર્થીઓ ભાણપુરા ગામ ખાતે પહોંચી ગયા હતા. તારીખ ૩૦–૦૧–૨૦૨૫ રોજ આ શિબિરનું ઉદઘાટન થયું હતું. ત્યારબાદ એક સપ્તાહ દરમિયાન ગામમાં સવારે ૬.૦૦ કલાકે પ્રભાત ફેરી, પ્રાર્થના, ભજન, યોગ, ગ્રામ સફાઈ, સાઈબર ક્રાઈમ અંગે જાગૃતિ, વ્યકિતત્વ વિકાસ, પ્રાકૃતિક ખેતી, માનસિક સ્વાસ્થ્ય, વ્યસન મુકિત, મફત સર્વ રોગ નિદાન કેમ્પ, મફત આંખ નિદાન કેમ્પ, ગ્રામ જનો માટે ઈ શ્રમ કાર્ડ, આયુષ્યમાન વગેરે જેવા કાર્ડ બનાવવાં, વેસ્ટ ભંગારનો ઉપયોગ કરીને કચરા પેટી બનાવીને વિતરણ કરવું, ગ્રામ સર્વે કરવો, સાંસ્કૃતિક કાર્યક્રમો દવારા જનજાગૃતિ, ભીંત સૂત્રો લખવા વગેરે જેવી પ્રવૃત્તિઓ કરવામા આવી હતી. આ શિબિર માં કુલ ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર શિબિરનું આયોજન કોલેજના આચાર્ય ડો.સી.બી.રાઠવા અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. એમ.પી. વર્માના માર્ગદર્શન મુજબ થયું હતું. શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ ગામના સરપંચ શારદાબેન બારીઆ, અગ્રણી તુલશીભાઈ બારીઆ, ગ્રામજનો વગેરેએ આભાર માન્યો હતો.

## પાવાગઢ યાત્રાધામ ખાતે ચાલતી રોપ-વે સેવા ૧૭ ફેબ્રુઆરી થી ૧ માર્ચ સુધી વાર્ષિક મેન્ટેનન્સને લઈ સ્થગિત રહેશે

પાવાગઢ,

પાવાગઢ યાત્રાધામ ખાતે કાર્યરત રોપ–વે સેવા વાર્ષિક મેન્ટેનન્સને લઈ આગામી ૧૩ દિવસ માટે બંધ રહેશે તેવી જાહેરાત ઉષા બ્રેકો કંપની દ્વારા કરાઈ છે. ૧૩ દિવસો દરમિયાન માતાજીના દર્શન માટે આવતા શ્રધ્ધાળુંઓને પગથિયા ચડીને દર્શન માટે જવું પડશે.

પાવાગઢ યાત્રાધામ ખાતે માંચી થી મહાકાળી માતાજીના મંદિર સુધી રોપ–વે સેવા કાર્યરત છે. રોપ–વે સેવા આપતી ઉષા બ્રેકો કંપની દ્વારા તા.૧૭ ફેબ્રુઆરી ૨૦૨૫ થી ૧ માર્ચ સુધી રોપ–વેના વાર્ષિક મેન્ટેનન્સને લઈ રોપ–વે સેવા સ્થગિત કરવામાં આવશે. આ ૧૩ દિવસના સમયગાળામાં મહાકાળી માતાજીના દર્શન માટે આવનાર યાત્રાળુઓને રેવા પથ પરનાર પગથિયા દ્વારા માંચી થી મંદિર સુધીના યાત્રા કરવી પડશે. ત્યારે રોપ–વે સેવા ૧૩ દિવસ સ્થગિત કરવામાં આવી છે. તેવા સમયગાળામાં વૃદ્ધો–વડીલો અને બાળકો સાથે માતાજીના દર્શન માટે આવતાં યાત્રાળુઓને પોતાના પ્રવાસનું આયોજન બદલવાની સલાહ આપવામાં આવી છે.

## "બાળલગ્ન મુકત ભારત" અંતર્ગત પંચમહાલ ખાતે બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ ૨૦૦૬ વિશે તાલીમ યોજાઈ

પંચમહાલ,

પંચમહાલ જીલ્લા પોલીસ અધિક્ષકની કચેરી અને ગ્રામ વિકાસ ટ્રસ્ટ,ભરૂચના સહયોગથી મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એસ.ડી.બુટીયાના અધ્યક્ષસ્થાને પંચમહાલ જીલ્લાના તમામ પોલીસ સ્ટેશનના ચાઈલ્ડ વેલ્ફેર ઓફિસર, સી ટીમ, મહિલા પોલીસ ટીમ સાથે બાળ લગ્ન મુક્ત ભારત અંતરગત બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ ૨૦૦૬ અંગે તાલીમ યોજવામાં આવી હતી. જેમાં ૪૦થી વધુ પોલીસ કર્મચારી અને ચાઈલ્ડ વેલ્ફેર ઓફિસર હાજર રહ્યા હતા.



આ તાલીમમાં કોઈ બાળકના બાળલગ્ન થવાની જાણ થતાં પોલીસ/ચાઈલ્ડ લાઈન/ બાળલગ્ન પ્રતિબંધક અધિકારીની કચેરી તથા જીલ્લા બાળ સુરક્ષા એકમને લેખિત અરજી કરી જાણ કરવા, બાળક સાથે કોઈ વ્યકિત કે ઘરનાં સભ્યો બળજબરીથી કે તેમની ઈચ્છા વિરૂદધ આવા લગ્ન કરાવતાં હોય તેમ જણાઈ તો તેમાં દરમિયાનગીરી કરી સંબંધિત અધિકારીને જાણ કરી આવા લગ્ન અટકાવવા માટે મદદરૂપ થવા તેમજ સમાજનાં આગેવાનોની હાજરીમાં બાળલગ્ન એક દૂષણ છે તે અંગેનાં જાગૃતિ કાર્યક્રમો કરવા જેવી ફરજો વિશે જણાવી તેનું પાલન કરી બાળ લગ્ન અટકાવવા અંગે જાણકરી આપવામાં આવી હતી. તેમજ બાળ લગ્નથી બાળકોના માનસ અને જીવન પર થતી માઠી અસરો, તેના જવાબદાર કારણો, પરિણામો, અપરાધી કોને કહેવાય? અપરાધની સજા અને બાળ લગ્ન રોકવા આપણી શું ફરજો છે! બાળ લગ્ન સામે કરવાની થતી કાર્યવાહી જેવા વિષયો અંગે વિસ્તૃત સમજણ સાથે તાલીમ આપવામાં આવી હતી.

## હાલોલ ખાતે આવેલ સંસ્થામાં જોખમકારક વ્યવસાયમાં રોકાયેલા ૧૭ વર્ષની ઉંમરના તરૂણને બાળ મજુરીમાંથી મુકત કરાવી બાળ સંરક્ષણ ગૃહ, ગોધરા ખાતે મોકલી અપાયો

પંચમહાલ,

બાળ શ્રમયોગી પ્રથા નાબૂદીની ટીમ સાથે લેબર કમિશ્નર એમ. જે. સોની, સરકારી શ્રમ અધિકારી જે.જી.ગઢવી, એ.આઈ.એચ.ટી.યુ. (AIHTU) એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટના ચૌધરી અને ટીમ, ફેકટરી ઓફિસર યાદવ અને ટીમ સહિતનાઓએ હાલોલ તાલુકામાં આવેલ 'ભગવતી પેપર બોક્ષ', નવજીવન હોટલની સામે, મઘાસર ખાતે રેઈડ કરતાં તેમાં એક તરૂણ શ્રમયોગી કે જેઓની ઉંમર ૧૭ વર્ષ છે મળી આવ્યા હતા. તપાસ સમયે તરૂણ શ્રમયોગી પાસેથી ''જોખમકારક વ્યવસાય''માં જોખમી કામ કરાવવામાં આવતુ હોવાનું જણાઈ આવતા, ટીમ દ્વારા તરૂણ શ્રમયોગીને મુકત કરાવી બાળ સંરક્ષણ ગૃહ ગોધરા ખાતે સોંપવામાં આવ્યાની કામગીરી કરવામાં આવી છે. તેમજ સદર સંસ્થા વિરૂદ્ધ બાળ અને તરૂણ શ્રમ (પ્રતિબંધ અને નિયમન) ૧૯૮૬ અને જ્યુવેઈનાઈલ જસ્ટીસ એકટ–૨૦૧૫ હેઠળ એફ.આઈ.આર. દાખલ કરવામાં આવી હોવાનુ મદદનીશ શ્રમ આયુકત, ગોધરા દ્વારા એક યાદીમાં જણાવાયુ છે